

# અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રો નવા કૃષિ વર્ષના પ્રારંભે ઉજવણીમાં જોતરાયા

વૈશાખ સુદ-૩ એટલે અખાત્રીજ (અક્ષય તૃતીયા)નો દિવસ એટલે શુભકાર્યો તેમજ પ્રસંગો માટેનો વર્ષનો શ્રેષ્ઠ દિવસ અને ખેડૂતોને ખેતી માટે નવું વર્ષ અખાત્રીજના દિવસે અરવલ્લી જીલ્લાના ભૂમિપુત્રોએ ભૂમિ પૂજન તથા પશુઓ અને ખેતીના ઓજારોની પૂજનવિધિ કરવાની સાથે ખેતરમાં પહોંચી ક્ષેત્રપાળનો દીવો ધૂપ કરી અને ખીચડી, કંસારનો પ્રસાદ ધરાવી એકબીજા ખેડૂતોને વહેંચણી કરી નવા કૃષિ વર્ષનો પ્રારંભ હર્ષોલ્લાસ સાથે કર્યો હતો મેઢાસણ ગામે યુવા ખેડૂતોમાં અનેરો ઉલ્લાસ જોવા મળ્યો હતો. અરવલ્લી જીલ્લામાં મંગળવારે વહેલી સવારે અખાત્રીજના દિવસે પૂજનવિધિ પૂર્ણ કરી જગતનો તાત નવા કૃષિ વર્ષની ઉજવણીમાં જોતરાયો હતો. જેમાં જીલ્લાના ખેડૂતપુત્રોએ પરિવારના સભ્યો સાથે હર્ષોલ્લાસથી પોતાના ઓજારો હળ તૈયાર કરી પશુઓ અને બળદોના શિંગડાઓને રંગ રોગાન કરી નવા પોશાક ધારણ કરી સાગમેટે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ભૂમિપુત્રોએ હળ જોડી દઈ ખેતર ખેડી ખાતે મુહર્ત કર્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ અખાત્રીજે વહેલી સવારે સૌ ભૂમિપુત્રો એક સાથે એક જ જગ્યાએ એક ખેતરમાં ભેગા મળી હળ જોડી ખેતરમાં પહોંચી હળ જોતરી ખેતીનું મુહર્ત કર્યું હતું. ભૂમિપુત્રોએ બળદગાડા શણગારી બળદોનું મોં મીઠું કરાવી વીતેલા વર્ષનું સુખદુઃખ જતું કરી નવા વર્ષનો ઉમંગભેર પ્રારંભ કર્યો હતો અને વર્ષ દરમિયાન કયા પ્રકારની ખેતી કરવી તેનું આયોજન કર્યું હતું તેમજ ગતવર્ષના ખેતીમાં થયેલા નફા-નુકશાન અંગે સરવૈયું કાઢવાની સાથે ખેતી માટે રાખેલ મજૂરો અને ભાગિયાઓના હિસાબો સમેટી લઈ નવા વર્ષની ખેતી માટે કામકાજ સોંપ્યું હતું.



## મોડાસા અને બાયડમાં પરશુરામ જયંતીની ભવ્ય ઉજવણી

વિષ્ણુ અવતાર એવા પરશુરામ જયંતિની દેશ સહિત ગુજરાતભરમાં ઉજવણી કરવામાં આવી હતી. બ્રાહ્મણદેવ ગુરુ પરશુરામ જન્મ જયંતિની અરવલ્લી જીલ્લામાં ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પરશુરામ જયંતિ નિમિત્તે અરવલ્લી જિલ્લાના મોડાસા અને બાયડમાં વિવિધ કાર્યક્રમો આયોજિત કરાયા હતા, જેમાં મોડાસા ખાતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલા ઓધારી માતાજીના મંદિરના મેદાનમાં વહેલી સવારે પરશુરામદાદાની ૧૦૮ દિવાની મહા આરતીનું આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં ભુદેવો ઉપસ્થિત રહ્યા હતા. પરશુરામદાદાની મહા આરતી બાદ શહેરમાં ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. ઓધારી મંદિરથી શોભાયાત્રા નિકળી મોડાસાના વિવિધ વિસ્તારોમાં ફરી હતી.

## વડગામની શ્રેયા પૂરબિયાએ સીબીએસઈ બોર્ડમાં ૯૧.૪૦ ટકા મેળવી ગૌરવ વધાર્યું

સમગ્ર ભારતમાં રાજયમાં સીબીએસઈ બોર્ડના પરિણામ જાહેર થયા છે, ત્યારે બનાસકાંઠા જિલ્લાના વડગામની શ્રેયાના માતા પિતા શિક્ષક બન્યા પછી સાથે ભણી પ્રાથમિક શિક્ષણ સરકારી શાળમાં લીધું હતું, ત્યારે પાંચમા ધોરણમાં ભણી જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષા પાસ કરી બનાસકાંઠાના દાંતીવાડામાં જવાહર નવોદય કેન્દ્રીય વિદ્યાલયમાં એસ.એસ.સી.માં સીબીએસઈ બોર્ડમાં ૯૧.૪૦ ટકા લાવી સમગ્ર તાલુકા તથા સમગ્ર જિલ્લામાં સમાજમાં ગૌરવની લાગણી પ્રસરી છે. ત્યારે શ્રેયાના દાદા એક ગરીબ પરિવારમાંથી ઉછેરી એક શિક્ષકની નોકરી મેળવી હતી. તેમાંના ફરજ દરમિયાન વડગામ તાલુકા પે. કેન્દ્રના આચાર્ય રહી ચૂક્યા છે. પોતાના પુત્ર અને પુત્રવધુ શિક્ષક તરીકે ફરજ બજાવે છે, ત્યારે પૌત્રી આગળ વધી કોઈ સરકારી અધિકારી બની દેશની



સેવા કાર્ય કરે એવી શ્રેયાને આર્શીષ વચન આપ્યા હતા અને ખૂબ આગળ વધી સમાજ, દેશની સેવા કરે. શ્રેયાના માતા પિતા પણ બન્ને એકજ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે, પોતાની પુત્રીને પ્રાથમિક શિક્ષણ સરકારી શાળામાં જ આપ્યું છે.

## મેઘરજ તાલુકાના ખેડૂતોએ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર આપ્યું

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તાર અને આદિવાસી વસ્તી ધરાવતા મેઘરજ તાલુકામાં ગતવર્ષે ઓછો વરસાદ પાડવા છતાં રાજ્ય સરકારે અછતગ્રસ્ત જાહેર ન કરતા જેતે સમયે જીલ્લાની ત્રણેય વિધાનસભા બેઠકો પર કોંગ્રેસનો કબ્જો હોવાથી રાજકીય અન્યાય કરવામાં આવતો હોવાની બૂમો ઉઠી હતી ઉનાળાની શરૂઆત થી જ મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીનો કાળો કેર વર્તતા પ્રજાજનો અને પશુઓ પાણી માટે વલખા મારી રહ્યા છે.

મેઘરજ તાલુકાના ખેડૂતોએ અને ૪ ગામના સરપંચ,અને જિલ્લાપંચાયતના સદસ્યની



ઉપસ્થિતિમાં મેઘરજ તાલુકાને રાજ્ય સરકાર દ્વારા અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે મેઘરજ મામલતદારને આવેદન પાત્ર આપી નક્કર કામગીરી કરવાની માંગ કરી હતી.

## મેઘરજ આદિવાસી ડુંગરી ગરાસિયા સમાજ ભવન ખાતે સાતમો સમૂહલગ્ન યોજાયો

મેઘરજ, તા. ૭

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના કુંભેરા ગામે આદિવાસી



સમાજ ભવન ખાતે સાતમો સમુહલગ્ન યોજાયા જેમાં ૧૫ નંવદંપતિઓ પ્રભુતામાં પગલાં પાડ્યા છે.

આજે વધતી જતી જનસંખ્યા તેમજ વધતી માંઘવારીમાં સમાજના વિવિધ પ્રકારના રિવાજોમાં પરીવર્તન થઈ રહયુ છે. ઘણા સમાજો જુના રીવાજો બંધ કરીને નવા રીવાજો શરૂ કરી રહયા છે તેમાં ઘણા સમાજો તેમની સામાજીક મર્યાદાઓ જળવાય રહે તે માટે રીવાજો બદલવા માટે તૈયાર નથી જેથી તે સમાજો પ્રગતિના બદલે પડતી તરફ ધકેલાઈ જતા હોય છે. માનવીને કયાંય જવાનો સમય નથી તેને માત્ર પૈસાનો લોભ છે તેથી તે ટુંકા ગાળામાં થતું હોય તેવુ જ કામ કરવા મેઘરજ આદિવાસી સમાજે પણ છેલ્લા સાત વર્ષોથી બીડુ ઝડપીને વાંકાર્ટીંબાના બંરડા પરીવાર દ્વારા દિપ પ્રાગટય કરીને કાર્યકમ ખુલ્લો મુકયો હતો. આ લગ્નના મુખ્ય મહેમાન કિરણભાઈ ગેલાત ડે. કલેકટર દાહોદ, સમુહલગ્ન પ્રસંગના અધ્યક્ષ સુરેશભાઈ કટારા આદિવાસી જનરલ પંચ પ્રમુખ અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજય આદિજાતિ નિગમના ડિરેક્ટર પી.સી. બરંડા અને ભિલોડા વિધાનસભાના ધારાસભ્ય ડો. જોશીયારા મેઘરજ તાલુકાના પંચાયત પ્રમુખ સુરતાબેન ડામોર, દિપક બાપુ રામદેવ પુત્ર નંવદંપતિઓ આશીર્વચન આપ્યા હતા.

આ પ્રસંગે સમાજમાં શિક્ષણ વધે દિવસે દિવસે યુવાનોમાં વ્યસન વધતુ જાય છે તેના માટે ચિંતન કરવાની જરુર છે તેવુ આગેવાનો જણાવી રહયા હતા.



## બાવન વાંટા રાજપૂત સમાજનો પ્રથમ સમૂહલગ્ન

ઉત્તર ગુજરાતમાં વસતા શ્રી બાવન વાંટા રાજપૂત સમાજ દ્વારા અખાત્રીજે પ્રથમવાર સમૂહલગ્નનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ નવ યુગલો પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. ઉત્તર ગુજરાતમાં વસતા શ્રી બાવન વાંટા રાજપૂત સમાજના અગ્રણીઓ અને યુવાનોએ સોશીયલ મીડિયાનો સદઉપયોગ કરી વર્ષોથી સમાજ જે સમૂહલગ્ન માટે વિચારી રહ્યો હતો તેના માટે અભિયાન હાથ ધર્યુ અને માત્ર બે માસના ટૂંકા ગાળામાં જ આ અભિયાનને સફળ બનાવી અખાત્રીજ અને મંગળવારે સમૂહગલગ્નનું સફળ આયોજન કર્યુ હતુ. જેમાં પ્રથમ સમૂહલગ્નમાં ૨૫ જેટલા નવ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.

## બાયડના ડેમાઈ નજીક રેલવે બ્રિજના છેડે અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો

બાયડ, તા. ૭

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થવાની સાથે હત્યાના બનાવો પણ બની રહ્યા છે. બાયડના ડેમાઈ નજીક આવેલ રેલવે ઓવરબ્રિજની નજીકથી અજાણ્યા ૩૫ વર્ષીય યુવકનો ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં પડેલો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી હતી. ડેમાઈ નજીક ઓવરબ્રિજ નજીક અજાણ્યા યુવકનો મૃતદેહ પડ્યો હોવાની જાણ બાયડ પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે બાયડ સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મંગળવારે સવારે બાયડ તાલુકાના ડેમાઈ ગામ નજીક ડેમાઈથી વાંટડા તરફના માર્ગ પર આવેલા ઓવરબ્રિજ નજીક રેલવે પાટાની નજીક ૩૫ વર્ષીય અજાણ્યા યુવકનો મૃતદેહ પડ્યો હોવાની વાત વાયુ વેગે પ્રસરતા મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. મૃતક યુવકના શરીરે ગંભીર ઈજાઓ હોવાથી અજાણ્યા યુવકની હત્યા કરવામાં આવી હોવાની, યુવકની હત્યા કરી હત્યા છુપાવવા રેલવે બ્રિજ પર પાટાની બાજુમાં હત્યારાઓ મૃતદેહને ફેંકીને જતા રહ્યા હોવાની સહીત રેલવેની અડફેટે યુવકનું મોત નીપજ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યુ હતું. ૩૫ વર્ષીય અજાણ્યા યુવકની હત્યા કે અકસ્માતે મોત અંગે રહસ્ય ઘૂંટાયું હતું.

ડેમાઈ ગામની સીમમાં આવેલા રેલવે ઓવરબ્રિજ પર અજાણ્યા યુવકનો મૃતદેહ પડ્યો હોવાની જાણ બાયડ પોલીસને થતા પોલીસ કાફલા સાથે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી મૃતક યુવકના મૃતદેહને પીએમ માટે બાયડ દવાખાને ખસેડી દિલીપસિંહ કાળુસિંહ પરમાર (રહે, ડેમાઈ)ની જાણવાજોગ ફરિયાદના આધારે ૩૫ વર્ષીય અજાણ્યા યુવકના પરિવારજનોની શોધખોળ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## હિંમતનગરના બલોચપુર નજીકથી

# અગિયાર શિકારીઓ ચાર બંદુકો સાથે ઝડપાયા

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠાના હિંમતનગરના ગ્રામ્ય વિસ્તારમાં શિકાર કરવા આવેલી ટોળકી પોલીસના હાથ આબાદ ઝડપાઈ ગઈ હતી. હિમતનગર ગ્રામ્ય પોલીસે બાતમી આધારે સોમવારે રાત્રે બલોચપુર પાસે વાહન ચેકીંગ કરવા દરમ્યાન શિકારી ટોળકી પાસેથી શિકાર કરવા માટેની દેશી બંદુકો સાથે મળી આવતા પોલીસે અગીયાર શખ્સોની ધરપકડ કરીને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

સાબરકાંઠા જીલ્લામાં નિલગાયો અને જંગલી ભુંડોથી લઈને જંગલી વન્ય જીવો ડુંગરાળ અને વન્ય વિસ્તારોમાં વિહરવાનો માહોલ છે જેને લઈને રાજસ્થાનના સરહદી વિસ્તારના શિકારીઓ માટે સાબરકાંઠા જીલ્લામાં શિકાર કરવા માટે જાણે કે મોકળુ મેદાન મળી જતુ હોય છે. આવી જ રીતે રાજસ્થાનના આઠ અને ગુજરતના વિજયનગરના ત્રણ મળી ૧૧ જણાની શિકારી ટોળકી બંદુકો સાથે શિકાર કરવા માટે આવતા જ પોલીસે હિંમતનગરના બલોચપુર પાસે વાહન ચેકીંગ દરમ્યાન ઝડપી પાડ્યા હતા.

પોલીસને જોકે આ પ્રકારની માહીતી પણ મળી આવી હતી કે શિકાર કરવા માટે આ પ્રકારની ટોળકી વિસ્તારમાં શિકાર કરવા માટે આવતી હોય છે અને જે પ્રકારના વર્ણન ધરાવતી એક જીપ ગાડી આવતા બલોચપુર રોડ પર તેની નાકાબંધી કરીને પોલીસે રોકી લીધી હતી અને જેમાં સવાર શખ્સોને પુછપરછ કરતા જ તેઓ પોલીસ સમક્ષ યોગ્ય જવાબ આપવાને બદલે આડા અવળા જવાબો આપતા પોલીસે જીપની તલાશી



લેતા જેમાંથી ચાર જેટલી બંદુકો મળી આવતા પોલીસે તમામ અગીયાર શખ્સોને ઝડપી લઈને તપાસ હાથ ધરી હતી અને પુછપરછ કરી હતી.

જેમાં તેઓ શિકાર કરવા માટે વિસ્તારમાં આવ્યા હોવાનુ સામે આવ્યુ હતુ. હિંમતનગર ગ્રામ્ય પોલીસે તપાસ હાથ ધરતા આરોપીઓએ શિકાર કરવા આવ્યા હોવાની કબુલાત કરી હતી. તેઓ ચાર જેટલી દેશી બંદુકો અને તેના છરા લઈને આવ્યા હતા અને જેના દ્વારા હિંમતનગર શહેરની નજીક આવેલા હાથમતી નદીના પટ અને કોતરો વિસ્તારમાં જંગલી ભુંડ આવતા હોવાને લઈને તેમનો શિકાર કરીને તેમને રાજસ્થાનમાં ઉંચા ભાવે વેચતા હતા. રાજસ્થાન વિસ્તારમાં ભુંડને વેચવાથી તેના બદલામાં સારા પ્રમાણમાં પૈસા મળતા હોવાને લઈને તેનો શિકાર કરતા હતા. આ માટે તેઓ રાતભર શિકાર કરીને ભુંડનો શિકાર કરતા હતા અને તેને જીપમાં લઈ જતા હતા. પોલીસે આરોપીઓ સામે શિકાર કરવાના ઈરાદા ઉપરાંત તેમજ આર્મસ એક્ટ મુજબ ગુન્હો દર્જ કરીને શિકાર કરવાના ઈતીહાસને ખોલવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગે નાયબ જીલ્લા પોલીસ અધિક્ષક મીનાક્ષી પટેલે જણાવ્યું હતું કે હિંમતનગરના બલોચપુર નજીક થી જીપ ઝડપાઈ હતી અને જેમાંથી ચાર બંદુકો પણ મળી આવી હતી અને તેઓ શિકાર કરવા માટે આવ્યા હતા. તમામ ૧૧ શખ્સોની ધરપકડ કરીને તેમના સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોધી તપાસ હાથ ધરી છે. જેમાંના આશારામ કશનજી ડામોર ઉંવ. ૩૦ રહે ડેયા, તા. જાડોલ જિ. ઉદેપુર રાજસ્થાન, કિશનલાલ મશરુજી લઉર, ઉંવ. ૨૦ રહે. પાનરવા રાવલાફળા, તા. જાડોલ. જિ. ઉદેપુર રાજસ્થાન, ઉદા હોમીડા પારધી ઉંવ ૪૫ રહે . ડુંગરીયા તા. કોટડા છાવણી જિ. ઉદેપુર રાજસ્થાન, હોમા જોમનાભાઈ ગમાર ઉંવ. ૪૫ રહે . ગુરા તા. કોટડા છાવણી જિ. ઉદેપુર રાજસ્થાન, મુકેશ બચુખાતુ કલાસવા ઉવ.૩૦ રહે . સાંડાવાડા ડેયા તા . જાડોલ જિ. ઉદેપુર રાજસ્થાન, ધનજી મૌલાભાઈ ભગોરા, ઉં.વ. ૩૦ રહે. ભાભુડી, તા. વિજયનગર. જિ. સાબરકાંઠા, નવલભાઈ દેવાજી ડામોર ઉં.વ. ૪૫ રહે. હુડલા (હેયા) તા. જાડોલ જિ. ઉદેપુર, રાજસ્થાન, બયુ જોગીડા હામીરા પારધી ઉવ . ૨૫ રહે. ડુંગરીયા તા. કોટડા છાવણી જિ. ઉદેપુર રાજસ્થાન, બદાજી જીવાજી બારા. ઉં.વ. ૩૬ રહે. ધોળીવાવ. તા. વિજયનગર. જિ. સાબરકાંઠા, નિખીલ રત્નાજી પાંડવ ઉં.વ. ૨૮ રહે. ઝુમસર, પાંડવફળી, તા.ભીલોડા, જિ. અરવલ્લી, ભમરુ મનશા ગમાર ઉં.વ. ૩૦ રહે. ભુરા કોટડા તા. કોટડા છાવણી, જિ. ઉદેપુર રાજસ્થાન.